| | |
|---|---|
| | ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી<br>ચોથો માળ, સહયોગ સંકુલ,<br>સેક્ટર-૧૧, ગાંધીનગર - ૩૮૨૦૧૦<br>ટેલીફોન નંબર (૦૭૯) ૨૩૨ ૫૮૬૫૯<br>વેબ સાઈટ -:**https://gujrera.gujarat.gov.in2** |

# ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી, ગાંધીનગર

**સુઓ-મોટો કેસ નં: ૧૧૦/૨૦૧૮**

**સેક્રેટરી, ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી, ગાંધીનગર**

**વિરૂધ્ધ**

**પ્રમોટર-ડેવલપર:** શ્રી એસ.વી. ડેવલોપર્સ,
રે.ખાકચોક રામજી મંદિર
પાસે,સુખડેશ્વર મહાદેવ રોડ,
પેથાપુર, ગાંધીનગર - ૩૮૨૬૧૦

**પ્રોજેકટ: શ્રી લાભ રેસીડેન્સી**

**(કોરમ:- શ્રી પી. જે. પટેલ, મેમ્બર , ડૉ. દિનેશ બ્રહ્મભટ્ટ, મેમ્બર)**

**હુકમ**

તા:-૨૯/૦૧/૨૦૧૯

૧. રીયલ એસ્ટેટ (રેગ્યુલાઇઝેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ, ૨૦૧૬ ની કલમ ૩(૧) ની જોગવાઈ મુજબ પ્રમોટર રેરામાં રજીસ્ટ્રેશન કરાવ્યાં વગર તેનાં પ્રોજેકટ નું વેચાણ, માર્કેટીંગ, જાહેરખબર, બુકીંગ નથી કરી શકતા કે વેચાણ લેવા માટેનું આમંત્રણ નથી આપી શકતાં તથા કલમ-૧૧ (૨) મુજબ પ્રોજેકટની જાહેરાતનો તથા પ્રોસ્પેકટસમાં રેરા રજીસ્ટ્રેશન નંબર તથા રેરા વેબસાઈટ દર્શાવી ફરજીયાત છે.

૨. ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી, ગાંધીનગર દ્વારા તેની વેબસાઈટ https://gujrera.gujarat.gov.in પર રેરા કાયદાની જોગવાઇઓ તથા તેને આનુષાંગિક

વિગતો દર્શાવવામાં આવેલ છે, તેમજ રેરા કાયદા ની આ જોગવાઈઓ પ્રત્યે વખતોવખત ધ્યાન દોરવામાં આવેલ છે.

3. આમ છતાં, ઉપર દર્શાવ્યાં મુજબ "શ્રી લાભ રેસીડેન્સી" પ્રોજેક્ટના પ્રમોટર-ડેવલપરે તા.૧૭/૦૬/૨૦૧૮ નાં નેટવર્ક દૈનિક, ગાંધીનગર આવૃત્તિ ઉપર, રેરા રજીસ્ટ્રેશન તથા વેબસાઈટ દર્શાવ્યા વગર તેમના પ્રોજેક્ટના વેચાણ અંગેની જાહેરખબર પ્રસિદ્ધ કરીને કલમ ૧૧(૨) નો ભંગ કર્યાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ આવે છે.

૪. ઓથોરીટીએ ઉપર દર્શાવેલ બાબતની સુઓ-મોટો નોંધ લઈને પ્રમોટર-ડેવલપરને ઓથોરીટી સમક્ષ ઉપસ્થિત રહીને રીયલ એસ્ટેટ (રેગ્યુલાઇઝેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ, ૨૦૧૬ ની કલમ ૧૧(૨) ની જોગવાઈના ભંગ બદલ તેમને શા માટે દંડ ન કરવો તે બાબતનો ખુલાસો કરવા સારૂ તા.૦૯/૦૧/૨૦૧૯ના રોજ ગુજરેરા ઓથોરીટી સમક્ષ રૂબરૂ હાજર રહેવા નોટીસ પાઠવેલ હતી.

૫. સુનાવણી તારીખે પ્રોજેકટના અધિકૃત પ્રતીનિધિ પ્રગ્નેશ પટેલ ઓથોરીટી સમક્ષ ઉપસ્થિત રહ્યા હતા. પ્રમોટર તરફથી રજૂ કરેલ દસ્તાવેજો લેખિત જવાબ તથા મૌખિક રજુઆતને ધ્યાને લેતા તેઓ દ્વારા આપેલ જાહેરાતમાં ક્ષતિયુકત હોવાનું પ્રસ્થાપિત થયેલ છે અને તેઓએ તે બાબતનો સ્વીકાર કરેલ છે.

૬. રીયલ એસ્ટેટ (રેગ્યુલાઇઝેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ, ૨૦૧૬ની કલમ - ૬૧ ની જોગવાઈ મુજબ કલમ-૧૧(૨) ની જોગવાઈનાં ભંગ બદલ પ્રોજેકટની અંદાજીત કિંમતનાં વધુમાં વધુ ૫% જેટલો દંડ પ્રમોટર વિરુદ્ધ થઈ શકે છે.

૭. ગુજરેરા ઓથોરીટી સમક્ષ પ્રમોટર-ડેવલપર ઈરાદાપૂર્વક કાયદાની જોગવાઈઓનો ભંગ કરેલ નથી તે બાબતનો સ્વીકાર કરે છે. આથી, કાયદાની કલમ ૬૧ અન્વયે ઓથોરીટી આ કિસ્સામાં "શ્રી લાભ રેસીડેન્સી" પ્રોજેક્ટના પ્રમોટરને રૂ.૧,૨૫,૦૦૦/-(અંકે રૂપિયા એક લાખ પચ્ચીસ હજાર પુરા) નો દંડ કરે છે. જે તેઓએ દિન-૧૫ માં ભરપાઇ કરવાનાં રહેશે.

૮. ઓથોરીટી વધુમાં આદેશ કરે છે કે, દંડની આ રકમ પ્રમોટર-ડેવલપર ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) (મેટર્સ રીલેટીંગ ટુ ધ રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી) રૂલ્સ, ૨૦૧૬ ના નિયમ -૮ (3) ની જોગવાઈ

અનુસાર આ દંડની રકમ તે પ્રોજેકટનાં અલાયદા બેંક ખાતામાંથી ઉપાડી શકશે નહિ કે ઉપાડી શકશે નહિ કે એલઓટી પાસેથી લઈ શકાશે નહિ અને પ્રમોટરે અંગત રીતે દંડ ની રકમ ભરવાની રહેશે.

આજ રોજ, હુકમ તા.૧૯/૦૧/૨૦૧૯ કર્યો, ગાંધીનગર

શ્રી પી . જે. પટેલ
મેમ્બર

ડૉ. દિનેશ બ્રહ્મભટ્ટ
મેમ્બર